ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા. ૦૬.૦૨.૨૦૧૮**

**ગ્રામ પંચાયતોના તમામ મતદાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીને, ચૂંટાયેલા પ્રતિનિધિઓને શુભેચ્છા પાઠવતા શ્રી જીતુભાઈ વાઘાણી**

**આજના ગ્રામ પંચાયતોના પરિણામોમાં ૭૫ થી ૮૦ ટકા ભાજપા સમર્થિત સરપંચ અને સદસ્યો ચૂંટાઈ આવ્યા.**

**નગરપાલિકાઓમાં ભાજપાના કુલ ૩૮ બિનહરીફ સભ્યો ચૂંટાયા.**

**કોંગ્રેસની વિવાદ અને વેર-ઝેરની રાજનીતિને જાકારો, ભાજપાની શાંતિ-એકતા અને વિકાસની રાજનીતિને આવકારો મળ્યો છે. : શ્રી જીતુભાઈ વાઘાણી**

**આગામી સમયમાં સરપંચશ્રીઓના અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવશે. - શ્રી કે. સી. પટેલ**

-----------------------------------

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તમામ મતદાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીને ચૂંટાયેલા પ્રતિનિધિઓને શુભેચ્છા આપતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આજે ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામોમાં ૭૫ થી ૮૦ ટકા ભાજપા સમર્થિત સરપંચ અને સદસ્યો ચૂંટાઈને આવ્યા છે. ગ્રામ્ય સ્તરે ભાજપાની ગ્રામ્ય વિકાસનીતિ, યોજનાઓને સ્વીકારીને જનતાએ ભાજપા સમર્થિત ઉમેદવારોને જીતાડ્યા છે.

કોંગ્રેસની નકારાત્મકતા અને વેર-ઝેરના સતત પ્રયત્નો વચ્ચે ભાજપાની શાંતિ, એકતા અને વિકાસની લાગણીને માન આપીને ૨૯૨ ગ્રામ પંચાયતોમાં સમરસ સરપંચો થયા છે તે ખૂબ સારી બાબત છે. તેમાંથી ભાજપાના ૮૦ ટકા જેટલા સરપંચશ્રીઓ ચૂંટાઈ આવ્યા છે. ૧૨૩૮૬ કુલ વોર્ડમાંથી ૫૩૯૭ વોર્ડ બિનહરીફ એટલે કે સમરસ થયા છે. તે પણ એક નોંધનીય અને અભિનંદનીય બાબત છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, નગરપાલિકામાં જાફરાબાદ નગરપાલિકામાં ૨૮માંથી ૨૮ બેઠકો પર ભાજપા બિનહરીફ થયેલ છે. આ ઉપરાંત કચ્છની રાપર નગરપાલિકામાં ૬ સભ્યો, રાજકોટ જીલ્લાની ધોરાજી નગરપાલિકામાં ૧, પંચમહાલની હાલોલ નગરપાલિકામાં ૧ અને ખેડા જીલ્લાની મહુધા અને મહેમદાવાદ નગરપાલિકામાં ૧-૧ સભ્યો એમ કુલ ૩૮ બિનહરીફ ભાજપાના સભ્યો ચૂંટાયા છે.

શ્રી વાઘાણીએ કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રામીણ અને શહેરી વિસ્તારોની વિકાસની રાજનીતિને સ્વિકારીને ભાજપા તરફી જનાદેશ આપ્યો છે અને કોંગ્રેસની વિવાદ અને ખંડનાત્મક રાજનીતિને જાકારો આપ્યો છે. શ્રી વાઘાણીએ ફરીથી તમામ મતદાતાઓનો આભાર માનીને ચૂંટાયેલા પ્રતિનિધિઓને કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓને લોકો સુધી પહોંચાડીને ગામને સંપૂર્ણ સુખ-સુવિધાયુક્ત બનાવવા અનુરોધ કર્યો હતો.

**પ્રદેશ મહામંત્રીશ્રી કે. સી. પટેલે જણાવ્યું હતું કે, આજે પરિણામ હોવાથી ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાના નજીકના ગામોના કેટલાક ચૂંટાયેલા સરપંચશ્રીઓને પ્રદેશ કાર્યાલય-શ્રી કમલમ્ ખાતે પ્રતિકાત્મક રીતે બોલાવીને મોં મીઠું કરાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. આગામી સમયમાં સરપંચશ્રીઓના અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવશે.**

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૬.૦૨.૨૦૧૮

**૨૨ વર્ષ સુધી નર્મદા યોજના પરના "કોંગ્રેસ સંકટ"ને ભાજપાએ દૂર કરેલ છે. - શ્રી ભરતભાઈ પંડ્યા**

**કુદરતી સંભવિત "જળ સંકટ"ના સંદર્ભમાં કોંગ્રેસ ગેલમાં આવી જઈને વિકૃત માનસિકતા વ્યક્ત કરે છે તે યોગ્ય નથી. – શ્રી ભરતભાઈ પંડ્યા**

**કેન્દ્રમાં કોંગ્રેસના શાસન સમયે ૧૦ વર્ષ સુધી નર્મદા ડેમના દરવાજાની મંજૂરી ન આપી ત્યારે કોંગ્રેસ ક્યાં હતી ?**

**કોંગ્રેસને નર્મદા યોજના કે ખેડૂતો માટે બોલવાનો કોઈ નૈતિક અધિકાર જ નથી. – શ્રી ભરતભાઈ પંડ્યા**

**એકબાજુ કોંગ્રેસ ખેડૂતોને પાણી આપવાનું કહે છે, બીજી બાજુ ભાજપાએ ખેડૂતોને પાણી આપ્યું તે ખોટું કર્યું છે તેમ જણાવે છે.**

---

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, ૨૨ વર્ષ સુધી નર્મદા યોજના પર "કોંગ્રેસ સંકટ" હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે રાજ્યમાં અને કેન્દ્રમાં નર્મદા પરનું સંકટ દૂર થયું છે. કેન્દ્રમાં કોંગ્રેસના શાસન સમયે ૧૦ વર્ષ સુધી નર્મદા ડેમના દરવાજાની મંજૂરી ન આપી ત્યારે કોંગ્રેસ ક્યાં હતી ? શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન બન્યાના માત્ર ૧૭ દિવસમાં નર્મદા ડેમના દરવાજાની મંજૂરી મળી, ત્યારે કોંગ્રેસ હતાશા અને ઈર્ષ્યામાં હતી. કોંગ્રેસે નર્મદા યોજનાને વારંવાર ખોરંભે પાડવાનું તે પાપ કર્યું છે તે ગુજરાતની જનતા ક્યારેય ભૂલી શકશે નહીં એટલે કોંગ્રેસને નર્મદા યોજના કે ખેડૂતો માટે બોલવાનો કોઈ નૈતિક અધિકાર જ નથી.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, ખેડૂતોની લાગણીને માન આપીને ભાજપા સરકારે જે-તે સમયે પાણી આપ્યું તેનો વિરોધ કોંગ્રેસ અત્યારે કેમ કરી રહી છે ? એકબાજુ કોંગ્રેસ ખેડૂતોને પાણી આપવાનું કહે છે, બીજી બાજુ ભાજપાએ ખેડૂતોને પાણી આપ્યું તે ખોટું કર્યું છે તેમ જણાવે છે. કોંગ્રેસ બે મોઢાની વાત કરીને પાણીના મુદ્દે કોંગ્રેસ મગરના આંસુ સારવાનું કામ કરી રહી છે. કુદરતી સંભવિત જળ સંકટના સંદર્ભમાં કોંગ્રેસ ગેલમાં આવી જઈને વિકૃત માનસિકતા વ્યક્ત કરે છે તે યોગ્ય નથી. ભાજપા સરકારે જ નર્મદાનું પાણી હજારો ગામડાંઓ સુધી અને ખેડૂતો સુધી પહોંચાડયું છે અને લોકહિત અને ખેડૂત હિત માટે જે પણ કંઈ કરશે તે ભાજપા સરકાર જ કરી શકશે.

શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, નર્મદા ઓથોરીટી જે પાણી નિયમન-નિયંત્રણ કરે છે તેણે પાણીમાં કાપ મૂક્યો છે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેના સંદર્ભમાં ખેડૂતના હિતમાં માત્ર સ્પષ્ટતા જ કરી છે ત્યારે કોંગ્રેસ તેનું ખોટું અર્થઘટન કરીને ખેડૂતોને ઉશ્કેરવાનો પ્રયાસ ન કરે અને મુખ્યમંત્રીશ્રીના ખેડૂતો પ્રત્યેની લાગણીના હાર્દને સમજે. ભાજપાની રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને ચારેય રાજ્યો તેમજ નર્મદા ઓથોરીટી સાથે સતત સંપર્ક-સંકલન કરીને ગુજરાતના હિતમાં યોગ્ય પગલાં લેશે તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ